## હા... સાહેબ !

"હા... બોલો, સાહેબ!"

"શું બોલે...?"

"કેમ એકદમ બોલતી બંધ થઈ ગઈ તમારી..?"

"બોલતી બંધ નથી થઈ ગઈ... પણ અખબારોમાં સમાચારો વાંચીને અને ટી.વી. ઉપર ન્યૂઝ જોઈને મન ખિન્ન-દુઃખી થઈ ગયું છે. ઊંડી વેદનાના કારણે શું બોલવું એ સૂઝતું નથી..!"

"એટલે..? સાહેબ, કયા ન્યૂઝની વાત કરો છો..?"

"શહેર-જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વકરેલા સ્વાઈન ફ્લુના કારણે મરણને શરણ થઈ રહેલા માણસોના દુઃખદ સમાચાર, આસામ-બિહાર-ઉ. પ્રદેશમાં પ્રચંડ પૂરના પરિણામે ભારે સંકટમાં મુકાયેલા જનજીવનના ન્યૂઝ અને સરહદે સતત ચાલતી આતંકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થતા આપણા વીર જવાનોના ખબર..."

"હા... પણ..."

"કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને ક્ષુબ્ધ બનાવી દે, એના હૈયાને હચમચાવી નાખે તેવા આ ન્યૂઝ છે કે નહીં?"

"હા... પણ આ તમામ પ્રશ્ને સરકાર સજાગ છે..."

"એની ક્યાં ના છે..?"

"પૂર પીડિતોને રાહત પહોંચાડવા, સ્વાઈન ફ્લુના દર્દીઓને સારવાર માટે શક્ય તમામ પગલાં તાત્કાલિક ધોરણે તંત્ર દ્વારા લેવાઈ રહ્યાની જાહેરાત સરકાર કરે છે ને..."

"જાહેરાતો-વચનો અને નક્કર પગલાં વચ્ચે મોટું અંતર છે એ તો જાણો છો ને, સાહેબ..."

"એટલે..?"

"વચને શુ 'કે દરિદ્રતા' એ કહેવતે ય જાણતા જ હશો ને ?!"

"સાહેબ, તમને તો દરેક વાતમાં વાંકુ જ દેખાય છે... સરકાર આટ આટલું કરે છે તોય ગણતરી નથી..."

"ગણતરી કેમ નહીં ? ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની મોટી જાહેરાતમાં સરકારે જ ગણાવ્યાં છે કે સંવેદનશીલ સરકારે જનહિતમાં પોણા પાંચસો નિર્ણયો લીધા છે."

"તો પછી..?! જોયું... અમારી સરકારે એક જ વર્ષમાં કેવો સપાટો બોલાવ્યો છે..?"

"નિર્ણયો લેવાનો સપાટો..?! એના ફોલોઅપમાં શું કર્યું, શું થયું અને પ્રજા સુધી જનહિતના નિર્ણયોના કેટલા લાભ પહોંચ્યા એની વાત કરો, સાહેબ..."

"સરકાર નિર્ણયની જાહેરાત કરે એટલે અમલ તો થાય જ ને.."

"દિલ ઉપર હાથ મૂકીને કહેજો, ખરેખર બધી જાહેરાતો પછી એના અમલની બાબતમાં હકીકત શું હોય છે..?"

"સાહેબ, તમે તો પાછળ જ પડી ગયા છો..."

"પાછળ પડી જવાની વાત જરાય નથી... માફ કરજો પણ દિલમાં બળતરા થાય છે એટલે બોલાઈ જાય છે. સરકારે ખેડૂતોને એક ટકાના વ્યાજથી બેંકો લોન આપશે એવી જાહેરાત કરી છે..."

"ખેડૂતોથી હિતચિંતક સરકાર એમ કરે જ ને..."

● અનુસંધાન પાન-૭ પર




જય કનૈયાલાલ કી... - જન્માષ્ટમીનું પર્વ એટલે ઉલ્લાસનું પર્વ... ઉમંગ છલકાવતું પર્વ... જીવનનો મર્મ સમજાવતું પર્વ.... પાટનગરના હાર્દસમા પંચદેવ મંદિરે જન્માષ્ટમીના મેળે માનવ મહેરામણ ઉમટ્યું હતું... નગરજનો ઉપરાંત આસપાસના ગ્રામજનો પણ મેળાને માણવા ઉમટ્યા હતા... તો બીજી તરફ સેક્ટરોમાં અને સોસાયટીઓમાં દહી-હાંડી, મટકી ફોડ જેવા ભગવાન શ્રીકૃષ્ણના જીવન પ્રસંગોની જીવંત રજૂઆત કરાઈ હતી... ભારતીય સાંસ્કૃતિક જગતમાં જન્માષ્ટમીએ મટકીફોડ ઉત્સવ લોકભોગ્ય બનાવ્યો છે... મોડીરાત્રે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કીના જયઘોષ સાથે જન્મોત્સવ ઉજવાયો હતો...

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ૧૫ કેસ

### બે દિવસમાં ૧૫ કેસ સ્વાઈન ફ્લુના મળ્યા : મનપા વિસ્તારમાં સે. ૨૪, ૨૬માંથી ૧-૧ કેસ મળ્યો, જિલ્લામાં કેસની સંખ્યા ૪૫ પર પહોંચી : વાવોલ, કુડાસણ, કલોલમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં સરકારે જણાવ્યા પ્રમાણે ૧૫ કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા છે. જેમાં ૧૫મી ઓગષ્ટે ૬ અને ૧૬મી ઓગષ્ટના રોજ નવ કેસ નોંધાયા છે.

સરકારની યાદીમાં જણાવાયા મુજબ આ પૈકી ગાંધીનગર કોર્પોરેશનમાં બે કેસ નોંધાયા છે. આ બે કેસ મનપાના ગણીએ તો મનપામાં સ્વાઈન ફ્લુનો આંક ૧૩ થયો છે. જ્યારે જિલ્લાના ૧૩ કેસ ગણીએ તો કેસોની સંખ્યા મોટી થાય છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આ કેસોની સંખ્યા ૪૫ પર પહોંચી છે.

જિલ્લામાં ઓગષ્ટ માસ દરમ્યાન જ ૩૨ કેસ સ્વાઈન ફ્લુના પોઝીટીવ જણાઈ આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણ, વાવોલ, કલોલમાંથી કેસો મળ્યા છે. વાવોલમાં સ્વાઈન ફ્લુના ૩ પોઝીટીવ કેસ મળ્યા છે જ્યારે કુડાસણના સોસાયટી વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલમાં હાલ ૨૦ દર્દીઓ દાખલ છે. ૧૫ દર્દી સાજા થઈ જતાં રજા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપા વિસ્તારમાં એક સે. ૨૪ અને સે. ૨૬માંથી એમ બે દર્દી સ્વાઈન ફ્લુ પોઝીટીવ ધરાવતા મળી આવેલ છે. જે હાલ ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે.

જિલ્લામાં સર્વેલન્સની કામગીરી સઘન કરવામાં આવી છે. આ મુદ્દે જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યુ છે.

ગઈકાલે ૧૫મી ઓગષ્ટે કલોલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ પૂર્વે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ વિશેષ પ્રવચન આપ્યું હતું.

તો ગાંધીનગર મહાનગર પાલિકાએ મેળામાં જ બે સ્ટોલ અલાયદા બનાવી સ્વાઈન ફ્લુથી બચવા શું કરશો તેની સમજ આપતી પત્રિકાઓનું વિતરણ કર્યું હતું.

દહેગામમાં પણ સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી રેલી યોજવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે.

## જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વે

### જિલ્લામાં પોણા પાંચ લાખથી વધુ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરાઇ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા સહિત સમગ્ર રાજયમાં સ્વાઈન ફલૂ નો રોગ ઝડપી ફેલાઇ રહ્યો છે. સ્વાઈન ફલૂને નાથવા રાજય સરકાર દ્વારા જરૂરી પગલા ભરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રોગનું પ્રમાણ ઘટાડવા માટે હાઉસ ટુ હાઉસ સર્વે ચાલું કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ચાર તાલુકાના ૧૧૭ ગામ આવરી લેવામાં આવ્યા છે. પોણા પાંચ લાખથી વધુ લોકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલૂ સાથે સાથે શરદ, ઉદરસ અને તાવ આવવાની માત્રા વધતી જાય છે. જિલ્લામાં સ્વાઈન ફૂલના રોગને નાથવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સઘન આયોજન કરીને હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધરવામાં આવ્યો છે.



હાઉસ ટુ હાઉસ સર્વે અંતર્ગત ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસા તાલુકામાં મળી કુલ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ત્રણ માર્ગોને પહોળા કરવા માટે ૯૦ કરોડનો ખર્ચ કરાશે

### શાહપુર લવારપુર માર્ગ ફોરલેન બનશે : વરસાદના અંતે આગામી મહીનાથી કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ગામોને જોડતા માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. વરસાદી દિવસોના અંતે આગામી મહીનાથી શહેરના આંતરિક માર્ગોને ચકાચક બનાવવાની કામગીરી પણ હાથ ધરાશે. જયારે શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ ત્રણ માર્ગોની સુધારણા અને વાઇડનીંગ માટે પણ રૂ ૯૦ કરોડનો ખર્ચ કરાશે. જેમાં શાહપુર લવારપુર માર્ગને ટુ લેનમાંથી ફોરલેન કરવામાં આવશે.

શહેરમાં પાંચ વર્ષથી વધુ સમયના અંતે સેકટરોના આંતરિક માર્ગોની દશા બેઠી છે. નિયત સમય વીતી ગયા બાદ લાંબા સમયના અંતે પણ માર્ગોનુ કામ હાથ ન ધરાયુ હોવાથી હાલ મોટાભાગના રસ્તાઓ ઉબડ ખાબડ જોવા મળી રહયા છે. ત્યારે સ્થાનિક નાગરિકો પણ તોબા પોકારી ગયા છે. સેકટરોના આંતરિક માર્ગો માર્ગ સલામતીની દ્રષ્ટીએ અત્યંત જોખમી બનતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. ત્યારે તંત્ર દ્વાર સેકટરોના આંતરિક માર્ગોના રોડ નેટવર્કને સુધારવા માટે આયોજન કરી દેવાયુ છે. સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ વરસાદી દિવસોના અંતે હાથ ધરાશે. જયારે આ ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની પણ કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં જિલ્લાના ત્રણ માર્ગોને ચકાચક બનાવવા સહીત માર્ગોના વાઇડનીંગની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે શાહપુર લવારપુર માર્ગને ટુ લેનમાંથી ફોરલેન કરવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત ચિલોડા મગોડી દહેગામ માર્ગને પણ સાત મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા માટે રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત દહેગામ ઉત્કંઠેશ્વર મહાદેવ સુધીના માર્ગનુ પણ વાઇડનીંગ કરવામાં આવશે. જિલ્લાના આ ત્રણેય માર્ગોની સુધારણા માટે રૂ ૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## આખરે શંકરસિંહ વાઘેલાનું ધારાસભ્યપદેથી રાજીનામું



**કોઇ રાજકીય પક્ષમાં હું જોડાવાનો નથી : વાઘેલા : વાઘેલાના રાજીનામા વેળા રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેતા અનેક તર્ક-વિતર્ક અને ચર્ચા**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત કોંગ્રેસમાંથી છેડો ફાડનાર વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ આખરે રાજયસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ ધારાસભ્યપદેથી પોતાનું વિધિવત્ રાજીનામું આપી દીધુ હતું. આજે સાંજે બાપુએ પોતાનું રાજીનામું વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાને સુપ્રત કર્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ખાસ હાજર રહેતાં ભારે ચર્ચા ચાલી હતી અને શંકરસિંહના ભાજપમાં જોડાવા મામલે અટકળો ભારે તેજ બની હતી. જો કે, રાજીનામું આપ્યા બાદ બાપુએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, તે કોઈપણ પાર્ટીમાં જોડાવાના નથી. થોડા દિવસો પહેલાં જ ગુજરાત કોંગ્રેસમાંથી છેડો ફાડનાર શંકરસિંહ વાઘેલાએ વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસના નેતા તરીકે અગાઉ રાજીનામું આપી દીધું હતું. તાજેતરમાં જ રાજયસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે આજે સાંજે પાંચ વાગ્યે શંકરસિંહ વાઘેલાએ વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાને રૂબરૂ મળી કપડવંજ

● અનુસંધાન પાન-૭ પર

## સે-૫ અને -૬ માં નવા ૫૬૦ સરકારી આવાસોનુ નિર્માણ કરાશે

### ટુંકમાં જ સ્થળ પસંદગી કરાયા બાદ આગળની પ્રક્રીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તબક્કવાર તોડી નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે છે. અત્યારસુધી અંદાજિત ૩ હજારથી વધુ મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે હજુ પણ ભયજનક મકાનો ધ્યાને આવે તેમ બ્લોક તોડવાની મંજુરી મેળવી તંત્ર દ્વારા જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. શહેરમાં નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો બનાવાની કામગીરી ચાલુ છે. જયારે નવા બી અને સી કેટેગરીના મકાનો બનાવવા માટે પણ ટુંકમાં જ સ્થળ પસંદગી કરવામાં આવશે. જેમાં સે-૫ માં બી અને સે-૬ માં સી કક્ષાના મકાનો બનાવવા પણ હકારાત્મક વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નવા મકાનો બાંધવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે બીજીતરફ સેકટરોમાં ભયજનક માલુમ પડતા મકાનો અંગે પણ અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સે-૬ અને સે-૧૩ માં કેટલાક બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે. આ ઉપરાંત હજુ પણ નવા સરકારી મકાનો બાંધવા માટે આયોજન આખરી કરવામાં આવી રહયુ છે. આ મામલે તંત્ર દ્વારા સ્થળ પસંદગી માટે અભ્યાસ હાથ ધરાયો છે. જેમાં સે-૫ અને સે-૬ માં સ્થળની પસંદગી કરવામાં આવે તેવી સંભાવના છે. અગાઉ સે-૬ માં ભયજનક મકાનો તોડવા માટે પણ સર્વે હાથ ધરાયો હતો. જયારે હવે બી અને સી કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવા માટે જગ્યા નિયત કરવામાં આવશે. શહેરમાં નવા સરકારી આવાસોની અધ્યતન કોલોની તૈયાર કરવા માટે ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. સે-૭ માં નવા આવાસો તૈયાર કરી કર્મચારીઓને આવાસની ફાળવણી પણ કરી દેવાઇ છે. જયારે હવે ટુંકમાં જ તંત્ર દ્વારા અન્ય સાત મજલાના નવા ટાવરો બનાવવા માટે પ્રક્રીયા હાથ ધરાશે. આવા સંજોગોમાં નગરમાં દાયકાઓ જુના વિવિધ કક્ષાના સરકારી મકાનો તોડી નાંખવા માટેનુ કામ ઝડપથી હાથ ધરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. કર્મચારીઓ આ જોખમી મકાનો ખાલી ન કરતા મકાનોનો નિકાલ કરવાનુ કામ શિરદર્દ સમાન બન્યુ છે. સરકારી ચોપડે પણ આવાસોની ફાળવણી માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે આવાસો તોડવાની અને નવા બાંધવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.




**બેસણું**

અમારા પૂજ્ય માતૃશ્રી **કમળાબેન પુંજાભાઈ પટેલ**, કોલવડા નિવાસી તા. ૧૧/૮/૨૦૧૭ના રોજ સ્વર્ગલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું / પ્રાર્થના સભા તા. ૧૮/૮/૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર. મો. ૯૮૨૫૧ ૯૮૩૮૧

લિ.

ડો. વિષ્ણુભાઈ પુંજાભાઈ (પુત્ર) — અમિતાબેન વિષ્ણુભાઈ (પુત્રવધુ)
અશોકભાઈ પુંજાભાઈ (પુત્ર) — પૂર્વ અશોકભાઈ (પુત્રવધુ)
કનુલાલ ચતુરદાસ (જમાઈ) — રમીલાબેન કનુલાલ (પુત્રી)
ઋત્વિજ અશોકભાઈ — ફોરમ વિષ્ણુભાઈ (પૌત્રી)

**સ્વ. હરગોવિંદદાસ જીજીદાસ પટેલ પરિવાર**

પિયરપક્ષનું (કુડાસણ) બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
હસમુખભાઈ કાન્તિભાઈ પટેલ — રમેશભાઈ કાન્તિભાઈ પટેલ
સુરેશભાઈ કાન્તિભાઈ પટેલ



**અનાવિલ અવસાન (બેસણું)**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી રમેશચંદ્ર અંબેલાલ દેસાઈનું તા. ૧૩/૦૮/૨૦૧૭, શ્રાવણ વદ છઠ્ઠ, ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું આજરોજ તા. ૧૭/૦૮/૨૦૧૭ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

સ્થળ : પ્લોટ નં. ૮૮/૧, ગ્રીનલેન્ડ એવન્યુ સોસાયટી, સેક્ટર-૨/એ, ગાંધીનગર

**સરોજબેન રમેશચંદ્ર દેસાઈ (પત્ની)**
હર્ષેશ રમેશચંદ્ર દેસાઈ (પુત્ર) — હેતલ હર્ષેશ દેસાઈ (પુત્રવધુ)
ચિરાયુ રમેશચંદ્ર દેસાઈ (પુત્ર) — હિના ચિરાયુ દેસાઈ (પુત્રવધુ)
રીયા (પૌત્રી) આરવ (પૌત્ર)

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com